NHS
Test and Trace

**તમે ટેસ્ટ શરૂ કરો તે પહેલાં આખી માર્ગદર્શિકા ધ્યાનથી વાંચો.**
**તમે અગાઉ જેનો ઉપયોગ કર્યો છે તેના કરતાં આ પરીક્ષણ અલગ હોઈ શકે છે.**

# Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ માટે તમારી સ્ટૅપ-બાય-સ્ટૅપ ગાઇડ



ઉપયોગ માટેની આ સૂચનાઓ Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ (GCCOV-502a-H7OGE) સાથે જ સંબંધિત છે.

COVID-19 માટે તમારો પોતાનો અને અન્ય વ્યક્તિનો ટેસ્ટ કેવી રીતે કરવો અને NHSને પરિણામો અંગે જાણ કેવી રીતે કરવી તે આ માર્ગદર્શિકા સમજાવે છે.

વેલ્શ સહિતનાં **વૈકલ્પિક ભાષા** સંસ્કરણો અને વિડીયો ડૅમોન્સ્ટ્રેશન્સ **gov.uk/covid19-self-test-help** પર ઉપલબ્ધ છે

**તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો**

# તમારે શું કરવાનું છે

## તમારી સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા

સૂચનાઓ વાંચો અને યોગ્ય ક્રમમાં પગલાંઓને અનુસરો. પ્રત્યેક ટેસ્ટ સેટ અપ કરવામાં લગભગ 15 મિનિટ લાગશે અને પરિણામો વધુ 15 મિનિટ બાદ તૈયાર હશે.

15 મિનિટનો સેટ અપ

### આ પુસ્તિકાની વિષયવસ્તુ


| વિભાગ | શીર્ષક | પાન |
|---|---|---|
| 1 | તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો | 6 |
| | તમારી ટેસ્ટ કિટની સામગ્રી ચકાસો | 7 |
| 2 | તમારું ટેસ્ટ સેટ અપ કરો | 8 |
| 3 | તમારો સ્વૅબ સામ્પલ લો | 10 |
| | કોઈ અન્ય માટે ટેસ્ટ કરવો | 11 |
| 4 | સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો | 12 |
| 5 | તમારું પરિણામ વાંચો | 14 |
| 6 | તમારા પરિણામ અંગે જાણ કરો | 15 |
| 7 | તમારાં પરિણામનો શો અર્થ છે | 16 |
| 8 | ટેસ્ટનો દેખાવ | 17 |
| 9 | તમારી ટેસ્ટ કિટનો સુરક્ષિત રીતે નિકાલ કરો | 17 |
| | તમારા ટેસ્ટનાં પરિણામોની નોંધ બનાવો | 18 |


## COVID-19 જેમને હોય એવા 3માંથી 1 લોકોને ખબર હોતી નથી કે તેમને આ રોગ છે.

નિયમિત સૅલ્ફ-ટેસ્ટથી આપણે ફેલાવો ધીમો કરી શકીએ છીએ અને આપણાં કુટુંબો અને સમાજોમાં સૌથી વધુ કમજોર લોકોનું રક્ષણ કરવામાં મદદ કરી શકીએ છીએ.



## ટેસ્ટ કરાવવા વિશે સલાહ

તમને સહાયતા કરવા માટે સમગ્ર માર્ગદર્શિકામાં ઉપયોગી ટિપ્સ, સલાહ અને ચેતવણીનાં ખાનાંઓ છે. આ સૂચનાઓનું કાળજીપૂર્વક સ્ટૅપ-બાય-સ્ટૅપ પાલન કરવાથી તમને વિશ્વસનીય પરિણામ મળવાની સંભાવનામાં વધારે રહેશે.

### સામાન્ય માર્ગદર્શન અને ચેતવણીઓ

- જો તમને સ્વૅબિંગ દરમિયાન નાકમાંથી લોહી નીકળે તો કૃપા કરીને સ્વૅબિંગ અટકાવી દો. સ્વૅબનો ટેસ્ટ કરી શકાશે નહિ.
- આ પ્રૉડક્ટને કુદરતી રબર લેટેક્સ વડે બનાવવામાં આવી નથી, પરંતુ છેવાડાના વપરાશકર્તાને ડિલિવર કર્યા મુજબ પ્રૉડક્ટમાં કુદરતી રબર લેટેક્સની હાજરી કે તેના અંશો હોવાની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહિ.
- ટેસ્ટ કિટ બાળકોની પહોંચથી દૂર રાખો.
- ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ હોલ્ડરને બાદ કરતાં કિટના બધા ઘટકો એક વખતના ઉપયોગની વસ્તુઓ છે. ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ હોલ્ડરને બાદ કરતાં સ્વૅબ્ઝ અથવા ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ્ઝ જેવા કિટના કોઈ પણ વપરાયેલા ઘટકોનો ફરીથી **ઉપયોગ કરશો નહિ**.
- કિટનાં અલગ-અલગ બૉક્સમાંથી ઘટકોને **મિક્સ કરશો નહિ**. માત્ર આ કિટમાં પૂરા પાડેલા કિટના ઘટકોનો જ ઉપયોગ કરો.
- ટેસ્ટ કૅસેટ ઘરમાં સફાઈ માટેનાં ઉત્પાદો (ખાસ કરીને બ્લીચ)ના સંપર્કમાં આવેલ હોય તો તેનો **ઉપયોગ કરશો નહિ**, કારણ કે તેનાથી ખોટું પરિણામ મળી શકે છે.
- સીધા સૂર્યપ્રકાશમાં ટેસ્ટ કરશો **નહિ**, કારણ કે આનાથી ખોટું પરિણામ મળી શકે છે.
- આ કિટ્સ માત્ર માણસો માટે જ બનાવવામાં આવી છે.
- ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ હોલ્ડરનો નિકાલ કરશો **નહિ**, તેનો બધા ટેસ્ટ્સ માટે ફરીથી ઉપયોગ કરવામાં આવે છે.

**સલાહ**

- ટેસ્ટ કિટનો ઓરડાના સામાન્ય તાપમાને અથવા ઠંડી સૂકી જગ્યાએ (2°Cથી 30°C) સંગ્રહ કરો.
- તેને સીધા સૂર્યપ્રકાશમાં મૂકશો નહિ અથવા ફ્રીઝરમાં સંગ્રહ કરશો નહિ.
- કિટનો ઉપયોગ રૂમના તાપમાને (15°Cથી 30°C) કરવો જોઈએ. જો કિટનો સંગ્રહ 15°Cથી ઓછા તાપમાનવાળી જગ્યાએ કરવામાં આવ્યો હોય તો તેનો ઉપયોગ કરતાં પહેલાં 30 મિનિટ માટે તેને ઓરડાના સામાન્ય તાપમાને મૂકી રાખો.

આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

# આ ટેસ્ટ વિશે

## શા માટે તમારે સૅલ્ફ-ટેસ્ટ કરવો જોઈએ

આ રૅપિડ COVID-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ કિટ એ તમે ચેપગ્રસ્ત થયા છો કે કેમ તે તપાસવા માટેનો એક સ્વૅબ ટેસ્ટ છે. તે એવા લોકો માટે છે જેઓને લક્ષણો હોય તેમજ એવા લોકો જેમને લક્ષણો ન હોય. જોકે, તમારા માટે કયા પ્રકારનો ટેસ્ટ યોગ્ય છે તે ચેક કરવા માટે તમારે રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

### જો COVID-19 માટે તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો:

- તમારે રોગનો ફેલાવો મર્યાદિત કરવામાં મદદ કરવી જોઈએ, તમારે અને તમારા ઘરના લોકોએ હાલના સરકારી નિર્દેશોનું પાલન કરવું જોઈએ: **nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/**
- તમારાં લક્ષણો શરૂ થયાં તે અગાઉ છેલ્લા 48 કલાકમાં અથવા જો કોઈ લક્ષણો હાજર ન હોય તો પૉઝિટિવ ટેસ્ટ પરિણામ આવ્યાના દિવસથી તમે જેઓની સાથે ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા હો એવા લોકો અને જે સ્થળોની મુલાકાત લીધી હોય તે અંગે લોકોને જાણ કરો અને સંભવિત COVID-19 ચેપ માટે ટેસ્ટ કરાવવાનું કહો. હંમેશાં સ્થાનિક અને રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરો.

### જો તમારો COVID-19 માટેનો ટેસ્ટ નૅગેટિવ આવે તો

એ શક્ય છે કે ટેસ્ટ કરવામાં આવ્યો હોય તે સમયે તમે ચેપગ્રસ્ત ન હો. જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને કોરોનાવાઇરસ નથી. તમારે સરકારી નિર્દેશોનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.


**સલાહ**

જો તમને અથવા તમારા બાળક/બાળકોને કોરોનાવાઇરસનાં (COVID-19) લક્ષણો હોય અથવા કોરોનાવાઇરસનો (COVID-19) ચેપ લાગ્યો હોય તો કૃપા કરીને ઑનલાઈન NHSના નિર્દેશો જુઓ: **nhs.uk/conditions/coronavirus-COVID-19**


જો તમને અથવા તમારાં બાળક/બાળકોને કોરોનાવાઇરસનાં (COVID-19) લક્ષણો હોય અને પરિસ્થિતિ વધારે બગડે તો અથવા તમને/તમારા બાળકને/બાળકોને 7 દિવસો બાદ સારું ન થાય તો NHS **111** ઑનલાઇન સેવા પર જાઓ: **111.nhs.uk**. જો તમારી પાસે ઇન્ટરનેટની સુવિધા ન હોય તો કૉલ કરો NHS **111**. તબીબી કટોકટી માટે ડાયલ કરો **999**.

**જો તમને ચિંતા થતી હોય તો મદદ મેળવવામાં મોડું કરશો નહિ. તમને પોતાને વધારે ખબર હોય છે.**

## આ ટેસ્ટ કોના માટે યોગ્ય છે







| 18 વર્ષથી વધુ ઉંમરના પુખ્ત લોકો | 12થી 17 વર્ષના કિશોરો | 12 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને |
|---|---|---|
| સૅલ્ફ-ટેસ્ટ અને રિપોર્ટ, જરૂર જણાય તો મદદ સાથે. | સૅલ્ફ-ટેસ્ટ કરો અને પુખ્ત વ્યક્તિના નિરીક્ષણ સાથે રિપોર્ટ કરો. જરૂર પડે તો પુખ્ત વ્યક્તિ ટેસ્ટ કરી શકે છે. | 12 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનો ટેસ્ટ કોઈ પુખ્ત વ્યક્તિ દ્વારા કરવામાં આવવો જોઈએ. જો તમને બાળકનો ટેસ્ટ કરવામાં આત્મવિશ્વાસ જણાતો ન હોય તો આ ટેસ્ટ કરશો નહિ. જો બાળકને દુખાવો થાય તો ટેસ્ટ ચાલુ રાખશો નહિ. |

- દૃષ્ટિની નબળાઈ ધરાવતા લોકો હજીયે અમારી ટેસ્ટ કિટ્સનો ઉપયોગ કરી શકે છે, પરંતુ તેઓને સહાયતાની જરૂર પડી શકે છે.
- જેઓને નાકમાંથી રક્તસ્રાવ થવાનું જોખમ હોય અથવા જેઓએ છેલ્લા 6 મહિનામાં ચહેરા કે માથાની ઈજા માટે શસ્ત્રક્રિયા કરાવી હોય એવા લોકો માટે આ ટેસ્ટ યોગ્ય નથી.

### ટેસ્ટ કેટલી વખત કરવો

તમારે કેટલી વખત ટેસ્ટ કરવો જોઈએ તેમાં તમારા સંજોગો અને હાલના રાષ્ટ્રીય અને સ્થાનિક નિર્દેશોના આધારે ફેરફારો થઈ શકે છે.

### વધારાની સહાયતા ક્યાંથી મેળવવી


સૅલ્ફ-ટેસ્ટ માટે વધુ માહિતી આ લિંક પરથી મેળવો: **gov.uk/covid19-self-test-help**


આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.
તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો

# 1. તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો

**તમારે જોઈશે:**

- ઘડિયાળ કે ક્લૉક જેવું ટાઇમર
- ટિશ્યૂ
- અરીસો
- સરફેસ ક્લીનર
- હૅન્ડ સૅનિટાઇઝર અથવા સાબુ અને ગરમ પાણીની સુવિધા



**1** આ સૂચના માર્ગદર્શિકા કાળજીપૂર્વક વાંચો. જો તમને વધુ સહાયતા જોઈતી હોય તો તમે ઑનલાઇન પણ સ્વૅબ ટેસ્ટનો વિડીયો જોઈ શકો છો: **gov.uk/guidance/covid-19-self-test-help**



**2** ટેસ્ટ શરૂ કરતાં પહેલાં તરત સપાટ સપાટીને ખાલી કરો, સ્વચ્છ કરો અને કોરી કરો, જેથી તેના પર ટેસ્ટ કિટ મૂકી શકાય. ટેસ્ટને પ્રદૂષિત થતો ટાળવા માટે આમ કરવામાં આવે છે.






**3** સાબુ અને ગરમ પાણી અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે તમારા હાથ બરાબર ધુઓ.
જો તમે એકથી વધુ વ્યક્તિનો ટેસ્ટ કરી રહ્યા હો અથવા વૉઇડ ટેસ્ટ ફરીથી કરી રહ્યા હો તો પ્રત્યેક ટેસ્ટની વચ્ચે સપાટી અને તમારા હાથ ફરીથી ધુઓ. ટેસ્ટને પ્રદૂષિત થતો ટાળવા માટે આમ કરવામાં આવે છે.

આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.




# તમારી કિટની સામગ્રી ચેક કરો

**4** તમારા ટેસ્ટ બૉક્સમાં તમારી પાસે નીચેની વસ્તુઓ હોવી જોઈએ:



સીલ કરેલા રૅપરમાં જંતુમુક્ત સ્વૅબ (x7)



સીલ કરેલા પાઉચમાં ટેસ્ટ કૅસેટ (x7)



ઝિપલૉક બૅગ (x7)
કચરાની બૅગ તરીકે ઉપયોગ કરો



બફર સાથે ઍક્સ્ટ્રૅક્શન ટ્યૂબ (x7)



નોઝલ કૅપ (x7)



ઍક્સ્ટ્રૅક્શન ટ્યૂબ હોલ્ડર
(x1 ફરીથી ઉપયોગ કરી શકાય તેવું)
(ફેંકી દેશો નહિ)

**સલાહ**

**કશુંક નુકસાન પામ્યું હોય, તૂટી ગયું હોય કે ગુમ થયું હોય તો શું કરવું**
જો તમને કંઈ પણ નુકસાન પામેલું, તૂટેલું કે ખૂટતું જણાય તો કૃપા કરીને આ ટેસ્ટ કિટનો ઉપયોગ કરશો નહિ. તમે અમારા ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને અભિપ્રાય આપી શકો છો. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

કૉલ કરો: **119** (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત).
અમે 200 ભાષાઓમાં તેમજ બ્રિટિશ સાઇન લૅન્ગ્વિજમાં પણ સહાયતા આપીએ છીએ.

જો તમને કોઈ સાધન દ્વારા નુકસાન થયું હોય તો તે અંગે જાણ કરવાથી અન્યોને મદદ મળી શકે તો કૃપા કરીને આ લિંક પર જાઓ: **coronavirus-yellowcard.mhra.gov.uk**

આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

# 2. તમારું ટેસ્ટ સેટ અપ કરો



**5** ટ્યૂબને તમારા ચહેરાથી દૂર રાખીને હળવેથી ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ પરની સીલિંગ ફિલ્મ છોલી કાઢો, જેથી કોઈ પણ પ્રવાહી ઢોળાતું ટાળી શકાય.

**ચેતવણી**

ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબની સીલ ફિલ્મ પર બચકું ભરશો નહિ. ઍક્સ્ટ્રેક્શન બફરને તમારી ત્વચાના સંપર્કમાં આવતી અટકાવો.

**ચેતવણી**

ઍક્સ્ટ્રેક્શન બફરમાં પ્રિઝર્વેટિવ્ઝ હોય છે, જેનાથી કેટલાક લોકોમાં ઍલર્જિક પ્રતિક્રિયા થઈ શકે છે. જો આ દ્રાવણ ત્વચા કે આંખના સંપર્કમાં આવે તો પુષ્કળ પાણી વડે ધુઓ. જો ત્વચામાં ચચરાટ થાય તો તબીબી સારવાર લો.



**6** બફર ધરાવતી ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ હોલ્ડરમાં મૂકો.




**7** **હળવેથી** ટિશ્યૂમાં તમારા **નાકને ખંખેરો** અને તમારા ઘરની સામાન્ય કચરાપેટીમાં ટિશ્યૂને ફેંકી દો. આ એટલા માટે છે, જેથી તમે વધારાની લીંટ દૂર કરી શકો.
જો તમે બાળક/આશ્રિત વ્યક્તિનો ટેસ્ટ કરી રહ્યા હો તો જરૂર પડે તે પ્રમાણે તેને પોતાનું નાક ખંખેરવામાં મદદ કરો.







**8** **નાક ખંખેર્યા બાદ** સાબુ અને પાણી અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે **તમારા હાથ બરાબર ધુઓ**. ટેસ્ટને પ્રદૂષિત થતો ટાળવા માટે આમ કરવામાં આવે છે.
જો તમે બાળક/આશ્રિત વ્યક્તિને તેમનું નાક ખંખેરવામાં મદદ કરો તો, તમારે બંનેએ 20 સેકંડ માટે **પૂરેપૂરા હાથ ધોવાના રહેશે** અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરવાનો રહેશે.




**9** સીલ કરેલા રૅપરમાં જંતુમુક્ત સ્વૅબ શોધો. સ્વૅબની નરમ, રેશમી ટોચ ઓળખો.



**10** સ્વૅબ પૅકેજ ફાડો અને હળવેથી સ્વૅબ બહાર કાઢો.

**ચેતવણી**

તમારા હાથ વડે ક્યારેય સ્વૅબની રેશમી ટોચને અડશો નહિ અથવા કોઈ પણ સપાટીઓને અડશો નહિ.


# 3. તમારો સ્વૅબ સામ્પલ લો

**ચેતવણી**

કૃપા કરીને ખાતરી કરો કે નાકનાં બધાં છૂંદણાંઓ અથવા સમાન ઘરેણાંઓ સ્વૅબિંગ પૂર્વે દૂર કરવામાં આવે.

**જો 12 વર્ષથી ઓછી ઉંમરના બાળક અથવા જેને મદદની જરૂર હોય એવી વ્યક્તિનો ટેસ્ટ કરતા હો તો પાન 11 પરનાં પગલાંઓને અનુસરો.**

## પોતાનો ટેસ્ટ કરવો





**10 પ્રથમ નસકોરું**

સ્વૅબની રેશમી ટોચને એક નસકોરાની (આશરે 2.5 સેમી) અંદર મૂકો, ખાતરીકરો કે સ્વૅબની રેશમી ટોચ પ્રથમ નસકોરાની 2.5 સેમી અંદર મૂકાયેલ હોય.

**વર્તુળાકાર ગતિમાં** તમારા નસકોરાની અંદરના ભાગ ફરતે **5 વખત** સ્વૅબ હળવેથી ફેરવો. સ્વૅબની રેશમી ટોચ અને નસકોરાની અંદરના ભાગની વચ્ચે સારો સંપર્ક હોય તેની ખાતરી કરો.

કોઈ બળ કરવું જરૂરી નથી અને તમારે તમારા નસકોરામાં અંદર દૂર સુધી ધકેલવાની જરૂર નથી.




**11 બીજું નસકોરું**

એ જ સ્વૅબનો ઉપયોગ કરો, સ્વૅબની રેશમી ટોચને બીજા નસકોરાની (આશરે 2.5 સેમી) અંદર મૂકો, ખાતરી કરો કે સ્વૅબની રેશમી ટોચ બીજા નસકોરાની 2.5 સેમી અંદર મૂકાયેલ હોય.

**વર્તુળાકાર ગતિમાં** તમારા નસકોરાની અંદરના ભાગ ફરતે **5 વખત** સ્વૅબ હળવેથી ફેરવો. સ્વૅબની રેશમી ટોચ અને નસકોરાની અંદરના ભાગની વચ્ચે સારો સંપર્ક હોય તેની ખાતરી કરો.

**ચેતવણી**


જો તમને સ્વૅબિંગ દરમિયાન નાકમાંથી લોહી નીકળે તો કૃપા કરીને સ્વૅબિંગ અટકાવી દો. સ્વૅબનો ટેસ્ટ કરી શકાશે નહિ. જો રક્તસ્રાવ ચાલુ રહે તો તમારા ડૉક્ટર સાથે પરામર્શની ભલામણ કરવામાં આવે છે.



# કોઈ અન્ય માટે ટેસ્ટ કરવો

12 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનું ટેસ્ટ કોઈ પુખ્ત વ્યક્તિ દ્વારા કરવામાં આવવું જોઈએ. જેને સહાયતાની જરૂર હોય એવા બાળકને અથવા વ્યક્તિને કેવી રીતે તૈયાર કરવા અને ટેસ્ટ કરવો તે અંગે નીચેના નિર્દેશોનું પાલન કરો. તમે આ લિંક પર ડૅમો વિડીયો જોઈ શકો છો:
**gov.uk/guidance/covid-19-self-test-help**


જો તમે બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો તેઓને ટેસ્ટ કિટ બતાવો અને તમે શું કરવા જઈ રહ્યા છો તે વિશે તેમની સાથે વાત કરો. જો શક્ય હોય તો તેને કોઈના ખોળામાં બેસાડો અથવા કોઈને તેનો હાથ પકડવાનું કહો. બાળકને ટિશ્યૂમાં પોતાનું નાક ખંખેરવાનું કહો. બંધ કચરાપેટીમાં ટિશ્યૂ મૂકો.




**10 પ્રથમ નસકોરું**

સ્વૅબની રેશમી ટોચને તમે જેનો ટેસ્ટ કરી રહ્યા હો તે બાળક/વ્યક્તિના એક નસકોરાની બરાબર અંદર મૂકો.

**વર્તુળાકાર ગતિમાં** તેઓના નાકની અંદરના ભાગ ફરતે **5 વખત** સ્વૅબ હળવેથી ફેરવો. કોઈ બળની જરૂર નથી અને તમારે નસકોરામાં છેક અંદર સુધી ધકેલવાની જરૂર નથી, ખાતરી કરો કે સ્વૅબની રેશમી ટોચ અને પ્રથમ નસકોરાની અંદરના ભાગની વચ્ચે સારો એવો સંપર્ક થાય.




**11 બીજું નસકોરું**


એ જ સ્વૅબનો ઉપયોગ કરો, સ્વૅબની રેશમી ટોચને તમે જેનો ટેસ્ટ કરી રહ્યા હો તે બાળક/વ્યક્તિના અન્ય નસકોરાની બરાબર અંદર મૂકો.

તેમના નસકોરાની અંદર **5 વખત ગોળાકાર ગતિમાં** હળવેથી સ્વૅબને લૂછી લો, ખાતરી કરો કે સ્વૅબની રેશમી ટોચ અને બીજા નસકોરાની અંદરના ભાગ વચ્ચે સારો સંપર્ક થયેલો હોય.

**ચેતવણી**


તમે જેનો સ્વૅબ લઈ રહ્યા હો એ વ્યક્તિને નાકમાંથી રક્તસ્રાવનો અનુભવ થાય તો કૃપા કરીને સ્વૅબિંગ બંધ કરો. સ્વૅબનો ટેસ્ટ કરી શકાશે નહિ. જો રક્તસ્રાવ ચાલુ રહે તો તેઓના ડૉક્ટર સાથે પરામર્શની ભલામણ કરવામાં આવે છે.

# 4. સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો





**12** કૃપા કરીને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબના પ્રવાહીમાં સ્વૅબની રેશમી ટોચ મૂકો.

ટોચને બળ સાથે ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબની ધાર સામે દબાવો, જે દરમિયાન ઓછામાં **ઓછા 6 વખત માટે** ટ્યૂબની ફરતે તેને ફેરવો.



**13** સ્વૅબને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબમાં રાખી મૂકો, **ટાઇમર સેટ કરો** અને **1 મિનિટ** માટે રાખી મૂકો.




**14** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબમાંથી સ્વૅબ પાછો લઈ લો.



**15** સ્વૅબને પ્લાસ્ટિકની ઝિપ-લૉક બૅગમાં મૂકો.

**સલાહ**

એકલદોકલ ઝિપ-લૉક બૅગનો કચરાની બૅગ તરીકે ઉપયોગ કરી શકાશે.



**16** નોઝલ કૅપને ચુસ્તપણે ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ પર **દબાવો**, જેથી કોઈ પણ લીકેજ ટાળી શકાય.


**ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ હોલ્ડરમાં પરત મૂકો.**



**17** સીલ કરેલા પાઉચમાં **સમાપ્તિની તારીખ (EXP) ચેક કરો.** સીલ કરેલા પાઉચમાંથી ટેસ્ટ કૅસેટ કાઢો અને તેને સ્વચ્છ સમતલ સપાટી પર મૂકો.

**ચેતવણી**

30 મિનિટથી વધુ સમય માટે સીલ કરેલા પાઉચની બહાર રહેલી ટેસ્ટ કૅસેટને ફેંકી દેવી જોઈએ. અંદરની ડેસિકન્ટ બૅગને સુરક્ષિત રીતે ફેંકી દો અને પ્લાસ્ટિકની કચરાની બૅગ/ઝિપ-લૉક બૅગમાં પાઉચ કરો.




**18** પ્રવાહીનાં **4 ટીપાં** ટેસ્ટ સ્ટ્રિપ પર સ્પેસિમેન વેલ (**S** અંકિત કરેલ) પર મૂકવા માટે ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને **હળવેથી** દબાવો.

**સલાહ**

ખાતરી કરો કે તમે ટેસ્ટ કૅસેટ એકદમ **સપાટ અને સમતલ સપાટી** પર મૂકો. ટેસ્ટ દરમિયાન ટેસ્ટ કૅસેટને ખસેડશો નહિ. નમૂનામાં ધીમેથી ટીપાં ઉમેરો. વધારે ભરશો નહિ.




**19** **ટાઇમર સેટ કરો.**
**તમારું પરિણામ વાંચવા માટે 15 મિનિટ રાહ જુઓ.**



આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સેલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

# 5. તમારું પરિણામ વાંચો

**અગત્યનું**

ટેસ્ટને વિકસવા માટે 20 મિનિટથી વધુ સમય માટે રાખી મૂકશો નહિ, કારણ કે તેનાથી પરિણામ અમાન્ય થશે.








## પૉઝિટિવ પરિણામ

બે લાઇનો દેખાશે. એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (C) હોવી જોઈએ અને અન્ય રંગીન લાઇન ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (T) હોવી જોઈએ.
Cની પાસેની એક લાઇન અને Tની પાસેની એક લાઇન, એમ બે લાઇનો, ઝાંખી લાઇનો પણ સૂચવે છે કે ટેસ્ટ પૉઝિટિવ છે.


**અગત્યનું**

જો તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ અને તમારા ઘરના લોકોએ સૅલ્ફ-આઇસોલેટ થવા વિશે સરકારી નિર્દેશોનું પાલન કરવું જોઈએ:
**nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/**




## નૅગેટિવ પરિણામ

એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (C) દેખાય છે. ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (T) કોઈ લાઇન દેખાતી નથી.





## અમાન્ય પરિણામ

કન્ટ્રોલ લાઇન (C) દેખાઈ શકતી નથી.



# 6. તમારા પરિણામ અંગે જાણ કરો


## તમારે તમારાં પૉઝિટિવ, નૅગેટિવ અને અમાન્ય પરિણામો અંગે NHSને જાણ કરવી જોઈએ.




ટેસ્ટનાં બધાં પરિણામોને રેકૉર્ડ કરવાથી વૈજ્ઞાનિકોને વાઇરસની નવી મહામારીઓ શોધવામાં અને કેવી રીતે પ્રતિસાદ આપવો તેની સલાહ આપવામાં મદદ મળે છે. જો લોકો પૉઝિટિવ પરિણામ અંગે જ જાણ કરે તો કેસનાં સ્તરો ખરેખર હોય તેના કરતાં વધારે લાગે છે.

તેથી, તમારું પરિણામ નૅગેટિવ અથવા અમાન્ય હોય તો પણ તમે ખાતરી કરશો કે NHSની માહિતી ચોક્કસ રહે.


તમારા પરિણામ અંગે જાણ કરવા માટે તમારે તેની નીચે એક QR કોડ, અથવા ID નંબરની જરૂર પડશે.



## ઑનલાઇન રિપોર્ટ કરો (સૌથી ઝડપી)

જો તમે ઇંગ્લૅન્ડ, વેલ્સ અથવા ઉત્તર આયર્લૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ:
**gov.uk/report-covid19-result**

જો તમે સ્કૉટલૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ:
**covidtest.scot**



## અથવા ટેલિફોનથી રિપોર્ટ કરો

**119** પર કૉલ કરો

લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે, (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત)


આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

# 7. તમારાં પરિણામનો શો અર્થ છે

## તમે તમારો ટેસ્ટ ત્યારે જ પૂરો કરશો, જ્યારે તમે તમારા પરિણામ અંગે જાણ કરી હોય

### પૉઝિટિવ પરિણામ

જો તમારું પૉઝિટિવ પરિણામ આવે તો એવી સંભાવના છે કે તમે COVID-19થી હાલમાં ચેપગ્રસ્ત થયા છો અને અન્ય લોકોને ચેપ લગાડો એવું જોખમ છે. તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ. જ્યારે તમે પોતાના પરિણામ અંગે જાણ કરો ત્યારે તમને હવે પછી કયાં પગલાં લેવાં તે અંગે વધુ માહિતી આપવામાં આવશે.

**ચેતવણી**

તમારે તથા તમારી સાથે રહેતી કોઈ પણ વ્યક્તિએ હાલના રાષ્ટ્રીય અને સ્થાનિક નિર્દેશોનું પાલન કરવું જોઈએ. આ નિર્દેશો આ લિંક પરથી મળી શકશે: nhs.uk/conditions/coronavirus-COVID-19/self-isolation-and-treatment/

### નૅગેટિવ પરિણામ

જો તમને નૅગેટિવ પરિણામ મળે તો એ શક્ય છે કે ટેસ્ટ કરવામાં આવ્યો હોય તે સમયે તમે ચેપગ્રસ્ત ન હો. જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને COVID-19 નથી.

જો તમારો ટેસ્ટ નૅગેટિવ આવે તો તમારે નિયમિત હાથ ધોવા, સામાજિક અંતર રાખવું અને જ્યાં જરૂર હોય ત્યાં માસ્ક પહેરવા સહિતના રાષ્ટ્રીય અને સ્થાનિક નિયમો અને નિર્દેશોનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.

જો તમને લક્ષણો જણાય તો તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ અને હાલનો ભલામણ કરાયેલો ટેસ્ટ આ લિંક પર કરાવવો જોઈએ: gov.uk/get-coronavirus-test અથવા ગ્રાહક સંપર્ક કેન્દ્રને **119** પર કૉલ કરવો જોઈએ. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે. તમારે અને તમારા ઘરના લોકોએ રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

### અમાન્ય પરિણામ

જો તમને અમાન્ય પરિણામ મળે તો તેનો અર્થ એ છે કે જ્યારે ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તમને વાઇરસ લાગેલો હતો કે નહિ તે કહેવું શક્ય નથી. તમને કોરોનાવાઇરસ છે કે કેમ તે ચેક કરવા માટે શક્ય તેટલી જલ્દી વધુ એક ટેસ્ટ કરાવો. પ્રથમ ટેસ્ટમાંથી કોઈ વસ્તુનો ફરીથી ઉપયોગ કરશો નહિ અને પગલા 1થી ટેસ્ટની કાર્યપ્રણાલી શરૂ કરો.

### જો સમસ્યા ચાલુ રહે તો

જો સમસ્યા ચાલુ રહે તો ટેસ્ટ કિટ્સનો તાત્કાલિકપણે ઉપયોગ કરવાનું બંધ કરો.
જો તમારી પાસે બીજો એક ટેસ્ટ ઉપલબ્ધ ન હોય તો તમે NHS COVID-19 ઍપ દ્વારા અથવા નીચેની લિંક પર જઈને અલગ પ્રકારનો ટેસ્ટ કરાવી શકો છો: gov.uk/get-coronavirus-test અથવા **119** પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરી શકો છો. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

### 8 ટેસ્ટનો દેખાવ

જો કોઈ વ્યક્તિના શરીરમાં કોરોનાવાઇરસ (COVID-19)નાં ઉચ્ચ સ્તરો હોય તો ટેસ્ટમાં પૉઝિટિવ પરિણામ આવે એવી સંભાવના વધારે હોય છે.
આનો અર્થ એ છે કે જેઓ હાલમાં ચેપગ્રસ્ત હોય અને તાત્કાલિકપણે સૅલ્ફ-આઇસોલેટ થવું જેમના માટે જરૂરી હોય એવા લોકોની ઓળખ થવાની સંભાવના વધારે હોય છે.

### 9 તમારી ટેસ્ટ કિટનો સુરક્ષિત રીતે નિકાલ કરો

એક વખત તમારો ટેસ્ટ પૂરો થયા બાદ તમામ વપરાયેલી ટેસ્ટ કિટની સામગ્રી પૂરી પાડેલી કચરાની બૅગમાં મૂકો, સિવાય કે પ્લાસ્ટિક ટ્યૂબ હોલ્ડર અને તેને તમારા ઘરના સામાન્ય કચરામાં મૂકો.

નિકાલ બાદ તમારા હાથ બરાબર ધુઓ.

**સલાહ**

એકલદોકલ ઝિપ-લૉક બૅગનો કચરાની બૅગ તરીકે ઉપયોગ કરી શકાશે.


આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

## તમારા ટેસ્ટનાં પરિણામોની નોંધ બનાવો

તે તમારા પોતાના રેકૉર્ડ માટે છે. તમારે તમારા પરિણામ અંગે NHSને જાણ કરવાની રહેશે (માહિતી માટે જુઓ પાન 15).

આ લિંક પર જાઓ: **gov.uk/report-covid19-result**

જો તમે સ્કૉટલૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ: **covidtest.scot**

| ટેસ્ટ કિટનો QR કોડ / ID નંબર | ટેસ્ટ કોણે કર્યો | તારીખ | સમય | ટેસ્ટનું પરિણામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |



## તમારી કિટમાં નીચેની સામગ્રી છે

| વસ્તુઓ | 7-પૅક |
|---|---|
| ઉપયોગ માટે સૂચનાઓ (આ દસ્તાવેજ) | 1 |
| સીલ કરેલા રૅપરમાં જંતુમુક્ત સ્વૅબ | 7 |
| સીલ કરેલા પાઉચમાં ટેસ્ટ કૅસેટ | 7 |
| બફર સાથે ઍક્સ્ટ્રૅક્શન ટ્યૂબ | 7 |
| નોઝલ કૅપ | 7 |
| ઝિપ-લૉક બૅગ | 7 |
| ઍક્સ્ટ્રૅક્શન ટ્યૂબ હોલ્ડર | 1 |
| QC પ્રમાણપત્ર | 1 |
| | x |

આ પુસ્તિકા માત્ર Orient Gene રૅપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

NHS ટેસ્ટ ઍન્ડ ટ્રેસ પ્રોગ્રામ હેઠળ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ સોશિયલ કેયર (DHSC) ડિપ્લૉયમેન્ટના ભાગરૂપે જ આ સાધનનો સપ્લાય કરવાની પરવાનગી છે.


Zhejiang Orient Gene Biotech Co., Ltd
સરનામું: 3787#, East Yangguang Avenue, Dipu Street,
Anji 313300, Huzhou, Zhejiang, China (ચીન ગણરાજ્ય)
ટેલિફોન: +86-572-5226111 ફૅક્સ: +86-572-5226222
વેબસાઇટ: www.orientgene.com
quality@orientgene.com

UK RP SENSUS GROUP LTD
સરનામું: The Barn, Tednambury Farm, Tednambury, Spellbrook,
Herts, CM23 4BD United Kingdom (યુનાઇટેડ કિંગડમ)

EC REP Shanghai International Holding Corp. GmbH (Europe)
સરનામું: Eiestrasse 80, 20537 Hamburg, Germany (જર્મની)


ORIENT GENE

CE 0123


સ્વૅબની માહિતી:
Jiangsu ChangFeng Medical Industry Co., LTD
સરનામું: Touqiao Town, Guangling DISTRICT,
Yangzhou, Jiangsu 225109 China (ચીન ગણરાજ્ય)


CE 0197


EC REP Llins Service & Consulting GmbH
Obere Seegasse 34/2, 69124 Heidelberg, Germany (જર્મની)
ઇમેલ: info@llins-service.com


**ઉપયોગમાં લેવાયેલી સંજ્ઞાઓ**

- 2°C – 30°C: 2 – 30°C પર સંગ્રહ કરો
- STERILE EO: ઇથીલીન ઑક્સાઇડનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરાયું
- ઉત્પાદક
- જ્યારે પૅકેજને નુકસાન થયેલ હોય ત્યારે ઉત્પાદનો ઉપયોગ કરશો નહિ
- LOT: લૉટ ક્રમાંક
- સમાપ્તિ તારીખ
- IVD: કાચની અંદરનું નિદાનાત્મક તબીબી સાધન
- સૂર્યપ્રકાશથી દૂર રાખો
- ઉત્પાદનની તારીખ
- ફરીથી ઉપયોગ કરશો નહિ
- ચેતવણી, કૃપા કરીને સૂચના વાંચો
- કોરું રાખો
- ઉપયોગ માટે સૂચનાઓ જુઓ
- Σ 7: પૅકમાં યૂનિટ્સની સંખ્યા (7)
- UK RP: UKમાં જવાબદાર વ્યક્તિ
- LATEX: લેટેક્સ રહિત
- REF: કેટલૉગ નંબર
- STERILIZE: ફરીથી જંતુમુક્ત કરશો નહિ
- EC REP: યૂરોપીયન અધિકૃત પ્રતિનિધિ


સંસ્કરણ B22088-03 અમલી તારીખ 2021/10/04

REF GCCOV-502a-H7OGE


આ પુસ્તિકા માત્ર Orient Gene રેપિડ Covid-19 (ઍન્ટિજન) સૅલ્ફ-ટેસ્ટ: GCCOV-502a-H7OGEનો જ ઉલ્લેખ કરે છે.

**તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો**